# 1st TERMINAL EXMINATION – 2018

## Std : 11th Sub : Gujarati

**Date : 26-10-2018** **(Answer key)** **Marks : 50**

**(વિભાગ – અ ) (પદ્યવિભાગ)**

Ans.1) માતા જશોદા કૃષ્ણને ધેનમાં જવા જગાડે છે. કારણ કે ત્રણસો સાઠ ગોવાળિયાઓ ભેગા થાય છે પણ એમાં વડો ગોવાળિયો એ કૃષ્ણ થશે.

Ans.2) પિતાએ પુત્રને સારા ખરાબનો વિવેક શીખવ્યો, ભણાવી ગણાવી સમાજમાં માનવંતુ સ્થાન અપાવ્યું વગેરે મદદ કરી છે.

Ans.3) આ આખ્યાનખંડમાં સ્ત્રી માટે સુંદરી, અબળા શબ્દ પ્રયોજયા છે.

Ans.4) કવિ પ્રભુના લોચનને દિવ્ય કહે છે. એ દિવ્ય લોચન ખુલતા જે ગાઢ અંધારું છે તે દૂર થઈ જશે. પ્રભુનાં દિવ્ય લોચનના દર્શનથી જીવનમાં વ્યાપેલો ઘોર અંધકાર દૂર થઈ જશે.

**અથવા**

Ans.4) ભાઈની આંગળીમાં મત્સ્યચિહ્ન, જળચિહ્ન અને ચક્રચિહ્ન છે. આ ત્રણેય ચિહ્નો ભાઈનાં રાજવીનાં લક્ષણો દર્શાવે છે. તેના જીવનમાં અપાર સુખ અને સમૃધ્ધિ હશે તે દર્શાવે છે.

Ans.5) પુત્ર પિતાજીનાં પુણ્યસ્મરણો વાગોળતાં કહે છે કે જયારે તે પિતાજીની છાતી પર ચડીને મૂછ ખેંચતો તો પણ પિતાજી રીસે ભરાતા નહિ. પોતાનો મોટો ગુનો હોય તો પણ સામાન્ય દંડ–શિક્ષા કરતાં પણ દિલમાં દયા લાવી કદી શારીરિક શિક્ષા કરતાં નહિ. પોતાનામાં કદી બૂરી ટેવ ના પડે તેનુંપણ ધ્યાન રાખતાં. પુત્ર કહે છે કે મને જોતાં આંખમાં આંસુ લાવી છાતી સાથે લગાવી દેતા, મીઠા બોલ હંમેશા બોલતાં કડવા વેણ કદી કહયા નથી. પિતાનો ગુણ પોતાનામાં નથી આવ્યો તેનો પુત્રને અફસોસ પણ થાય છે. ભગવાનની દયા રહી ને પિતાને પોતાની હયાતી હશે તો તે પિતાની સાચા હૃદયથી સેવા કરશે એવી ભાવના રાખે છે. પિતાએ આપેલા વિવેક, સારી શિક્ષા, પ્રેમ માટે હૃદયથી આભાર માની પુત્ર તેનાં સ્મરણોને યાદ કરે છે. પોતાને સારા – ખરાબનો વિવેક શીખવી પિતાએ સમાજમાં નામના મળે એવું સ્થાન અપાવ્યું તેને પણ પૂત્ર યાદ કરે છે. પિતાનું ઋણ ચૂકવવા પુત્ર તેમની સેવા કરી શકે એવું સ્મરણ યાદ કરે છે.

**અથવા**

Ans.5) લોકગીત એ લોકજીભે રમતાં, લોકપરંપરાથી ચાલી આવેલા, કંઠોપકંઠ ગવાતા ગીતો બાળકનાં જન્મનાં, સીમંતના , લગ્નગીતો, મરસિયાં, ખેડૂતો વાવણી કરતાં કે ધાર્મિક પ્રસંગો કે તહેવારોમાં વગેરે અનેક પ્રસંગોના લોકગીતો રચાયેલા જોઈ શકાય છે. 'ગવતરી' લોકગીત કાલ્પનિક કથાવસ્તુ પર આધારિત છે. સ્વર્ગલોકમાંથી કામધેનુ નામની ગાય પૃથ્વીલોકમાં આવે છે. તેણે ડુંગરમાં મહાલવું. તેમજ ધરતી પર વિહરવું છે. ગાય ગંગા નદીમાં પાણી પીવા જાય છે ત્યાં સામે વાઘ આવી જાય છે. વાછરડાં આગળ ને ગાય પાછળ એમ વાઘ પાસે આવે છે. આવીને વાઘને વાછરડાં કહે છે કે ' વાઘ મામા તમે અમને પહેલા મારો પછી માતાનો વધ કરો. નાના વાછરડાંની વાત સાંભળી વાઘ ચકિત થઈ જાય છે. તે પૂછે છે કે તમને આવી વાતો કોણે શીખવી ? કયા દુશ્મને તમને વાચા આપી. આ સાંભળી વાછળડા કહે છે કે રામ અને લક્ષ્મણે અમને ભોળવ્યા છે તેમજ અર્જુને અમને વાચા આપી છે.
વાઘ આ સાંભળી કહે છે કે ' વાછરડાં તમે લીલાલહેર કરો ને કંઈ મુશ્કેલીનો સમય આવે તો વાઘમામાને યાદ કરજો. ' કહી ગાય–વાછરડાંને જવા દે છે. ગાયની સત્યનિષ્ઠા, વચનપાલન ને વાછરડાંનો માતા પ્રત્યેનો પ્રેમ જોઈ વાઘ બધાંને જછવતાં છોડી દે છે.

Ans.6) ભકિતગીત

Ans.7) ભવિષ્યવેતા

**(વિભાગ – બ ) (ગદ્ય આધારિત)**

Ans.8) ' હું તો મારી ખરી માને બોલાવું છું. ' – એ વાકય નવી માનું હૃદય ચીરી નાખે છે.

Ans.9) ઈચ્છાશંકર પત્નીના નામે થોડાક હજારનો વીમો વધારીને એને બોલતી બંધ કરી દેતા.

Ans.10) જર્મન મહાકવિ ગેટેની નવલકથા “ The sorrows of weather” નેપોલિયને રણમેદાનમાં વાંચી હતી.

Ans.11) દીવો પ્રકાશ પ્રકાશ પાથરે છે. આ પ્રકાશમાં માણસ ગમે ત્યાં જઈ શકે છે. એવી જ રીતે માણસને પુસ્તક અને તેમાં રહેલી માહિતી , જ્ઞાનનો પ્રકાશ આપે છે. આ જ્ઞાનરૂપી પ્રકાશની મદદથી માણસ ધારે ને ઈચ્છે તે સ્થળે ને તે સમયે પહોંચી શકે છે. માણસ તેની સાથે વાતો કરી શકે છે. હસી શકે છે, રડી શકે, સફર કરી શકે છે. આથી જ લેખક પુસ્તકને ' જાદુઈ દીવો ' કહે છે.

**અથવા**

Ans.11) ગરીબીના કપરાં દિવસોમાં કમુબહેને તો દીકરીની કમાણીનાં પૈસા કયાં કયાં વાપરવા અને શેના માટે બચત કરી રાખવી, તે વિશે વિચારી રાખ્યું હતું. દીકરીની ફી અને ચોપડીઓ ખરીદવા આ પૈસા વાપરવા અથવા અભ્યાસ માટે અને મોટીને પરણાવવાનાં ખર્ચા માટે બચત જમા કરવી હતી. પરંતુ તેનાથી વિપરીત , દીકરી પોતાની જરૂરીયાત માટે કાપડ ખરીદી લાવી તે માટે તેમને નારાજગી હતી.

Ans.12) 'ઘા' શબ્દપ્રયોગ આ લઘુકથામાં લેખકે પ્રતિકાત્મક ભાવનાથી પ્રયોજેલ છે અને લઘુકથાને જો એક વર્તુળ ગણીએ, તો આ શબ્દ આ વર્તુળનું મધ્યબિંદુ છે.'ઘા' શબ્દની આસપાસ ઉપર નીચે સર્વત્ર કથાવસ્તુ ફેલાયેલ છે. વાર્તાનાયકનો પુત્ર વ્યસ્ત રહેવા છતાં, ઘરનું ધ્યાન રાખે તેવા સ્વભાવવાળો છે. ચોમાસા પછી ઘર આંગણાંમાં ઉગી ગયેલા ઘાસને કાપવું/કપાવવું જોઈએ એ અંગે પિતાશ્રીના સંમતિ પૂછે છે – જેના ઉત્તરમાં વાર્તાનાયક જણાવે છે કે " હું જાતે જ કાપી નાખીશ " થોડા દિવસો વિત્યા છતાં પુત્ર નિશીથની વ્યસ્તતામાં આ વાત જાણે વિસરાઈ જ ગઈ. પોતે જાતે કોદાળી લઈ ઉગી ગયેલાં કામ વિનાના ઘાસચારાને કાપી નાંખવા કોદાળીનો પ્રથમ પ્રહાર જમીન પર કરે છે. ત્યાં જ નિશીથની મમ્મીનાં પગલાંની છાપ પર તે પડે છે. આ 'ઘા' વાર્તાનાયક માટે અસહ્ય થઈ પડે છે. કોદાળીનો પ્રથમ 'ઘા' જમીન પર નહિ, પરંતુ તેના પોતાના દિલ પર પડયો હોય ને જેમ દર્દ થાય, તેવી લાગણી વાર્તાનાયક ને થાય છે.

**અથવા**

Ans.12) કલામના બાળપણના સંસ્મરણોને વાગોળતા, તેમણે તેમની આત્મકથામાં, તેમના મિત્ર જલાલુદ્દીનને પોતાના મિત્ર, સાથી , માર્ગદર્શક અને શુભચિંતક તરીકે યાદ કરે છે અને નાનકડા ગામનાં સીધા–સાદા બાળકને 'વિશ્વનાગરિક' બનાવવામાં તેમનાં દરેક તબકકે રહેલા સિંહફાળા માટે તેમનો આભાર માન્યો છે. કલામ નાના હતા ત્યારથી જલાલુદ્દીન સાથે તરેહ તરેહ વાતો ચર્ચા કરતાં. ખુદા પ્રત્યેની તેમનછ માન્યતા પણ આવી ચર્ચા ધ્વારા જ ઘડાયેલી. કલામમાં રહેલી ક્ષમતાને આમ બહાર લાવવા જલાલુદીને કોશિશ કરી તેમજ કલામનો માનસિક વિકાસ અને વિચાર શકિત પણ જલાલુદીનને જ ખીલવ્યા. પ્રથમવાર વિદેશ જવાની ઘડીએ પણ મુંબઈ જવા મોટા શહેરમાં હાજર રહી, તેમના જોમ–જુસ્સાને કાયમ રાખ્યાં. આમ જીવનનાં અનેક તબકકે મિત્ર જલાલુદીન કલામનાં પ્રોત્સાહક, માર્ગદર્શક તેમજ શુભચિંતક બન્યા હતા. તે યાદ કરીને તેમનાં આ પાઠ ધ્વારા સ્વીકારતાં કલામ પોતાની જાતને ખુશનસીબ ગણાવે છે.

Ans.13) દિલોજાન દોસ્ત : પુસ્તક

Ans.14) આત્માકથા ખંડ

**(વિભાગ – ક ) (પાઠય પુસ્તક આધારિત વ્યાકરણ)**

Ans.15) સ્મૃતિ – યાદ – સ્મરણ

Ans.16) પાવરધો – કુશળ – હોશિયાર

Ans.17) ઈશ્વર – પ્રભુ – પરમેશ્વર

Ans.18) ઝેર x અમૃત

વાકય લખાણ મુજબ

Ans.19) જ્ઞાન x અજ્ઞાન

વાકય લખાણ મુજબ

Ans.20૯ હાજરી x ગેરહાજરી

વાકય લખાણ મુજબ

Ans.21) સમ્ + અંતર

Ans.22) એકે + અંકી

Ans.23) સ્વ + ઈચ્છા

Ans.24) તત્પુરૂષ સમાસ

Ans.25) દ્વન્દ્વ સમાસ

Ans.26) મધ્યમપદ લોવી સમાસ

Ans.27) હોંશ

Ans.28) ચિત્રલિપિ

Ans.29) અભ્યાસ

Ans.30) પાછળ

Ans.31) મા

Ans.32) સુખ દુઃખ જોવા ઈચ્છા શંકરે જીવનમાં ઘણી લીલી સૂકી જોઈ હતી.

**અથવા**

Ans.32) માણસ જે બોલે છે તે રીતે કરતો નથી તેની કથનીને કરણીમાં ફેર હોય છે.

Ans.33) પુસ્તકની પ્રશસ્તિ લખવા બેસું તો પાર ન આવે.

**અથવા**

Ans.33) બાળકના અણુ અણુમાં ઊભરાતો ઉત્સાહ શમી જતો.

Ans.34) ईच्छाशंकर आफ्रीका में बस रहे थे ।

Ans.35) રેડિયો અને ટી.વી. સામે પુસ્તક હારી જશે.

Ans.36) Your mother has gone for pilgrimage.

## (વિભાગ – ૬ ) (અર્થગ્રહણ)

Ans.37) બા પુરીમાં મંદિરમાં ગયા તે વાતથી ગાંધીજી નારાજ થયાં. એમને લાગ્યું કે હવે છેડો ફાડવો પડશે. આ વાત મહાદેવને કહેતાં વેદના અનુભવી. બાપુએ કહયું સાચી વાત કહેવી તેમને પુરીમાં કેટલા હેરાન કર્યા તે જણાવવું પછી ન માને તો જવા દેવાં. સમજાવવાથી કાર્ય સફળ થાય છે.

Ans.38) અર્થ માનવીના જીવનની ઘરમાળ ઊંચી નીચી ફર્યા કરે છે. કયારેક તેમાં ભરતી આવે છે તો કયારેક તેમાં ઓટ આવે છે

સમજૂતી : માનવજીવનની સાથે સુખ અને દુઃખ એવી રીતે સંકળાયેલા છે કે કયારેક જીવનરૂપી સમુદ્રમાં સુખરૂપી ભરતી અવે છે તો કયારેક દુઃખ રૂપી ઓટ.

મીરાબાઈએ કહયું છે કે ' રામ રાખે તેમ રહીએ ઓધવજી' .વ્યકિતના જીવનમાં કયારેક આનંદ ઉત્સવ તો કયારેક ગમ દુઃખ વ્યથા રહેલા હોય છે. આપણા જીવનમાં સોળે કળાએ ખીલતા પૂનમનાં ચંદ્ર જેવો પ્રકાશ પણ આવે છે તો કયારેક અમાસ જેવી કાળી રાતનો અંધકાર પણ આવે છે. સુખમાં છકી ન જવું અને દુઃખમાં હિમંત ન હારવી. જીવન બહુ સંકુલ છે. તેની આંખમાં છે અમૃત બીજામાં છે વિષ. માનવજીવનમાં સુખ દુઃખ તેના પડછાયાની જેક સાથે જ રહે છે. તેથી ગીતામાં કહયું કે તેમ વ્યકિતએ તટસ્થ રહેવું જોઈએ. સુખથી છકી જ જવું અને દુઃખથી હારવું નહી, તો જ વ્યકિત સાચું જીવન જીવી શકે છે, માણી શકે છે. જીવનની ઘટમાળ ṇંચી નીચી ફરે છે તેમાં ભરતી આવે કે ઓટ પણ નિયતિ ચક્ર ચાલતું જ રહે છે. માનવી સાથે અભિન્ન રીતે સંકળાયેલું છે.

**અથવા**

Ans.38) માનવી પોતાની જીભ વડે જ જીવનમાં ચડતી પડતી અનુભવે છે. માનવી જીભ વડે સારા શબ્દો બોલી પ્રગતિ કરે છે તો ખરાબ શબ્દો બોલી અધોગતિ વિનાશને નોતરે છે. જીભમાં અમૃતને વિષ બંને રહેલા છે. આપણા સમાજના જ દષ્ટાંતો લઈએ તો સેલ્સમેન, વકીલો, ડોકટરો, રાજકારણીઓ માટે જીભની મીઠાસ જરૂરી છે. સેલ્સમેન પોતાના વાકયચાતુર્યથી ગ્રાહકને આકર્ષી શકે છે. જો કોઈ રાજકીય નેતા પ્રજાને ધુત્કારે તો તે રાજકારણમાંથી ફેંકાઈ જાય છે. કોયલડી ને કાગ વાને વરતાય નહિ. જીભલડી શિખર સર કરાવતી જીભ એક જ પળમાં

અધોગતિની ખીણમાં ધકેલી દે છે. જો વ્યકિતની વાણીમાં મીઠાશ ન હોય તો તે કદી બીજાને પ્રિય થશે નહિ. વેપારી ગ્રાહકો સાથે મીઠો વ્યવહાર ન રાખે તો વેપાર ભાંગી પડે છે. તલવારના કે વાગેલાના ઘા રુઝાય છે પણ વાણીનો ઘા કદી રુધાતો નથી.એટલે વ્યકિતએ તેનો ઉપયોગ સમજી વિચારીને કરવો. તોછળી વાણીવાળાને માજ ફેંકી દે છે. પ્રિયવાણી બોલવાથી બધા પ્રાણીઓ (જીવો) સંતોષ અનુભવે છે.

## (વિભાગ – ઈ ) (લેખનસજ્જતા)

Ans.39)

ભાવિન નાગર
૩, શિવશાંતિ બંગલોઝ,
વડોદરા.
તા.૧–૧૦–૨૦૧૮

ચિ. વ્હાલી બહેન હની,

હોસ્ટેલમાં ભણવાની અને ટયુશનની વ્યસ્તતાને લીધે હું પત્ર લખી શકતો નથી. આ વખતે તો મારી લાડલી બહેનનો જન્મદિવસ આવે છે. તો તારીખે તારો જન્મદિવસ છે એની શુભેચ્છાઓ પાઠવું છું. તું ભણવામાં તો હોશિયાર છે ને ૧ એ અંગે કંઈ કહેવાનું નથી. છતાં પણ મોટાભાઈ તરીકે હું અભ્યાસમાં ધ્યાન આપવાની સલાહ આપું છું. મમ્મી પપ્પાને પણ તારા પર ગર્વ છે. આ સાથે ભેટ મોકલું છું કેવી લાગી તે પત્ર દ્વારા જણાવજે.

મમ્મી પપ્પાને પ્રણામ કહેજે, ફરીથી મારા તરફથી Happy Birthday to You.

લિ.
તારો મોટો ભાઈ
ભાવિન નાગર.

Ans.40) મુદ્દા પ્રમાણે વિષય વસ્તુ પ્રમાણે ભાષાશુદ્ધિ પ્રમાણે નિબંધના ગુણ લખાણ મુજબ રહેશે.